# મોટર સાઈકલ ઉપર મોબાઈલની લુંટ કરતી ટોળકીને શોધી કાઢવી અઠવા પોલીસ.

સુરત શહેરના અઠવાલાઈન્સ પો.સ્ટે વિસ્તારમાં મોબાઈલ લુંટના ગુન્હાઓ સંબંધે પો.સ્ટે વિસ્તારમાં અધિકારી/ પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC મોહસીન હુસેન સૈયદ તથા પો.કો કુલદીપ નારાયણભાઈ નાઓને મળે બાતમી હકિકત આધારે બે ઈસમો ભાગાતળાવ ધુમ્મટવાળી મસ્જીદની ગલીમાં એ-૧ કોકો પાસે કાળી સફેદ લાયનીંગ ટી શર્ટ તથા બીજા ઈસમે સિન્દુરી કલરની ટી શર્ટ વર્ણનવાળા ઈસમો ચોરીના મોબાઈલ લઈ રીક્ષામાં બેસી વેચાણ સારૂ આવનાર છે જેઓને હકિકતવાળી જગ્યાએ જઈ ઉપરોક્ત વર્ણનવાળા ઈસમોને કોર્ડન કરી, પકડી પાડી જેઓનું નામઠામ પુછતા (૧) વિજયભાઈ મનસુખભાઈ નૈયારણ ઉ.વ.૧૯ રહે-બિલ્ડીંગ નં.૩૧૯, રૂમ નં. એ/૧૭, કોસાડ આવાસ અમરોલી, સુરત તથા (૨) અંકિતભાઈ ઉર્ફે રાહુલ રાકેશભાઈ રાય ઉ.વ.૨૩ રહે.રૂમ નં.૨૦, રામકૃષ્ણ કોલોની કાપોદ્રા ચાર રસ્તા વરાછા, રોડ, સુરત (૩) મોહંમદ નુર ઉર્ફે લાલુ મોહંમદ અનવર સાયકલવાલા ઉ.વ.૨૧ રહે-ભાગાતળાવ સિન્ધીવાડ હાજુ પ્લાઝા રૂમ નં.૧૦૨, સુરતનાઓને પકડી પાડી, તેઓની પાસેથી કુલ્લે મોબાઈલ નં. ૬ કિ.રૂ ૫૭,૦૦૦/- ના મત્તાની સાથે પકડી પાડેલ, તે દરમ્યાન આરોપીઓની પુછપરછ કરતાં રીસિવર મોહંમદ નુર ઉર્ફે લાલુ પાસેથી બીજા ૮૦ મોબાઈલ કુલ કિ.રૂ ૭,૧૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી કુલ્લે કિ.રૂ. ૭,૭૪,૦૦૦/- ના મત્તાની સાથે પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે. નીચે મુજબના ગુન્હાઓ ડીટેક્ટ કરવામાં આવેલ છે.

(૧) અઠવાલાઈન્સ પો.સ્ટે. । ગુ.ર.નં-૬૪/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૯૨,૪૧૩,૧૧૪ મુજબ(૨) અડાજણ પો.સ્ટે. । ગુ.ર.નં-૭૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (૩) વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૭૦/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૪) વરાછા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૬૯/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૫) સરથાણા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૭૨/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ(૬) સરથાણા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૭૩/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ.